# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

**વર્ષ : ૧૮** **અંક : ૨૦૫**

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪,૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદિકા
**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**
૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદકો
**દિનેશ કલ્યાણજી ગોસર**
૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧
**રમેશ મણીલાલ શાહ**
૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
email : hydkmm@gmail.com

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ ૯૫
ફોન ૬૬ ૭૮૦ ૭૮૦
કિંમત - રૂ. ૧/-


''નિયાંપો'' માં પ્રગટ થતા કોઇ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**ધનજી લખમશી સાવલા**

જગતભરની પ્રાકૃતિક આબોહવાની વ્યવસ્થામાં, અનેક સ્થળોએ વિકૃતિઓ સર્જાવા માંડી છે વિજ્ઞાનિકો અને વાયુશાસ્ત્રીઓ, જાગતિક વિષમ ઉષ્ણતા **Global Warming** અને એલ-નીનો જેવાં વિપરિત કારણોને જવાબદાર ઠરાવે છે. જેનાં લીધે, ભારતીય ચોમાસુ, નિયમિત સમયથી આઘુપાછું થઈ જવાથી, સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાન સહિત સમગ્ર ઉત્તર પશ્ચિમ ભારત પ્રથમ વરસાદી પાણીથી હજી સુધી વંચિત રહ્યા છે. કચ્છમાં, માનવ વસાહત ઉપરાંત હજારોની સંખ્યાનાં પશુધન માટે પાણી અને ઘાસચારો પુરૂ પાડવાનાં સાધનો તાત્કાલીન ધોરણે યુદ્ધ સ્તરીય ધોરણે શરૂ કરવા પડશે. ગામેગામનાં મહાજનો અને ધર્મ સંઘોએ આવાં જીવદયાનાં કાર્યક્રમો પર ધ્યાન આપવું જરૂરી છે.

''ભારતીય પ્રજા તહેવાર પ્રિય જનતા છે ''- એવી લોકોકિત જાણે સાચી થાય એમ, આ વરસે, શ્રાવણસરામાં, પુરૂષોત્તમ માસ, પર્યુષણપર્વ અને રમજાનનાં જુદા-જુદા પવિત્ર પર્વો એક સાથે એકજૂથ થયાં છે.


''વસુધૈવ કુટુંબિકમ'' એટલે સમસ્ત વિશ્વને કુટુમ્બમાં સમાવી લેવાની વિસ્તૃત ભાઈચારાની ઉદ્દાત ભાવના સાથે આ બધાં તહેવારો શાંતિ અને અમનથી ઉજવાય એવો ઉત્તમ બોધપાઠ લઈને ઉપસ્થિત થયાં છે.

તેવી જ રીતે, ભારતની આઝાદીનાં કેન્દ્રબિંદુ સરખા ઓગસ્ટ માસને કેમ વિસરાય! પંદરમી ઑગસ્ટનાં ૬૫માં સ્વાતંત્ર્યદિનની આપ સૌને અંતરની શુભકામના....

## ❖ આ માસની ડાયરી ❖

| | |
|---|---|
| ૧૫-૮-૨૦૧૨, સવારે ૮.૪૫ વાગે | શાંતિ પ્રાઇમરી સ્કુલ |
| **ધ્વજવંદન કાર્યક્રમ** | કચ્છી ભવન, રામકોટ |
| ૧૬-૦૮-૨૦૧૨, સવારે ૯.૦૦ વાગે | માવજત સમિતિ |
| **સેમિનાર** | કચ્છી ભવન, રામકોટ |

હવે આપ વેબ સાઈટ ઉપર ''નિયાંપો'' વાંચી શકો છો
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**



# મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

દિવસો ખૂબ ઝડપથી પસાર થતાં જાય છે. ચાતુર્માસની શરૂઆત થઈ છે અને પર્યુષણ મહાપર્વ નજીક આવી રહ્યો છે. સહુ એનો લાભ લેતાં હશે. આવા મંગલ દિવસોમાં સહુ ધર્મ આરાધના કરતા હશે.

આપણાં ઉપપ્રમુખ શ્રી મણીકાંતભાઈ મોમાયા અને પરિવાર લગભગ મહિના દિવસની વિદેશયાત્રા કરી સકુશળ અહીં પધારી ગયા છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન....

આપણાં મંડળના ટ્રસ્ટીઓ શ્રી અરવિંદભાઈ છેડા અને શ્રી ચીમનભાઈ ગાલા કચ્છી બેંકનાં ડાયરેક્ટર તરીકે ચૂંટાઈ આવ્યા છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન...

મંડળની પ્રવૃત્તિઓ વ્યવસ્થિત રીતે ચાલી રહી છે. યુવા સમિતિ, રમત-ગતમ સમિતિ અને શાંતિવન સમિતિ તરફથી યોજવામાં આવેલ કાર્યક્રમો સફળ રહ્યા. સર્વે સંચાલકો અને સહ કાર્યકર્તાઓને અભિનંદન. વધુ વિગત તેમનાં અહેવાલમાં આપશે.

શિક્ષણ સમિતિએ વિદ્યાર્થીઓને સહાયનું કાર્ય લગભગ પૂર્ણ કરેલ છે. છતાં કોઈ બાકી હોય તો અરજી કરી લાભ લેશો. વસ્તીપત્રકના વિતરણનું કાર્ય લગભગ પૂર્ણ થયેલ છે. માનવ મિત્ર સમિતિ દ્વારા પશુ-પક્ષીની જાળવણી કરતી સંસ્થા **People for Animals, Begum Bazar** ને રૂ. ૩૦,૦૦૦/- નું દાન આપવામાં આવેલ છે. કમાન પર કચ્છી મિત્ર મંડળ - માનવ મિત્ર સમિતિનું બોર્ડ લગાડવામાં આવશે. તેમને ખૂબ-ખૂબ અભિનંદન...

સભ્યપદ સમિતિ દ્વારા ગત મહિને કુલ દસ સભ્યપદ મંજુર કરવામાં આવેલ છે.

ગુજરાતી શીખવા માટેના વર્ગ (Classes) દર રવિવારે શરૂ કરવા વિચારણા છે. જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પોતાનાં નામ મંડળની ઓફિસમાં નોંધાવવા વિનંતિ. ૧૫-૨૦ નામો આવતાં કલાસ શરૂ કરી શકાશે.

૩-૪ કલાકની સભાઓ અને વિવિધ કાર્યક્રમો માટે ભવન વ્યાજબી દરે આપવાનું નક્કી થયેલ છે. વધુ વિગતો અન્યત્ર આપવામાં આવેલ છે. લાભ લેવા વિનંતી આવાસગૃહમાં એક રૂમ ખાલી થયેલ છે. જરૂરતમંદ સભ્યોએ અરજી મોકલવા વિનંતી.

સહર્ષ જણાવવાનું કે ભવનનાં ગ્રીનરૂમનાં ફર્નીચર માટે ૧) શ્રીમતી હંસાબેન લહેરચંદ લોડાયા રૂ.૫૧૦૦૦/- ૨) શ્રી રતિલાલ પ્રેમજી છેડા રૂ. ૫૧૦૦૦/- મળેલ છે, બન્ને દાતાઓનો ખૂબ ખૂબ આભાર. હવે એક ડોરમેટરી માટે દાનની જગ્યા છે શુભકાર્યમાં સહકાર આપવા વિનંતી.

ભવનનાં નૂતનીકરણ, ફર્નીચર અને ગોલ્ડમેડલનાં સર્વ દાતાઓને બાકી રકમ મોક્લી આપવા વિનંતી.ઉચ્ચઅભ્યાસમાં શ્રી નવીનભાઇ હરિયાની સુપુત્રી કુ. મિત્તલ અને શ્રી પંકજભાઇ વલ્લભજી સાવલાની સુપુત્રી કુ. હેનલ પણ સી.એ. ફાઇનલમાં ઉત્તીર્ણ થયેલ છે. બન્નેને તેમજ તેમનાં વાલીઓને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા...

કે.એમ.એમ તરફથી સાદાઇથી લગ્ન ખૂબજ નજીવી રકમમાં કરાવી આપવામાં આવે છે. વધુ વિગત કાર્યાલયમાં મળશે. લાભ લેવા વિનંતી. ભવનનાં કાર્યો વધી રહ્યાં છે દેખરેખ માટે પીઢ વ્યક્તિની ખૂબ જ જરૂર છે. યોગ્ય વળતર આપવામાં આવશે. અરજી મોકલવા વિનંતી. સહુનાં સાથ સહકાર માટે આભાર.

## સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદકો : **દિનેશ કલ્યાણજી ગોસર, રમેશ મણીલાલ શાહ**

**આવી રહેલ ૬૫ માં સ્વતંત્ર દિવસની આપ સહુને શુભકામના....**

પશ્ચિમના દેશોની વાતો કરતા પોતાના દેશની હાંસી કરવાની કેટલાક લોકોમાં ફેશન થઈ ગયેલ છે. આવી વ્યક્તિઓ ભુલી જાય છે કે તે દેશો જેમની સાથે તેઓ સરખામણી કરે છે - અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા કે ઈંગ્લેડ તે દેશો સદીઓથી સ્વતંત્ર છે, અફાટ જમીન સાથે ભરપુર કુદરતી સંપત્તીના તેઓ ધણી છે, જ્યારે ત્યાંની વસ્તી આપણા દેશના એક સ્ટેટ જેટલી પણ નથી. એ હકીકત છે કે પશ્ચિમના દેશોએ ઘણી દિશામાં પ્રગતિ કરેલ છે, ભૌતિક રીતે આપણાથી સુખી છે. પણ તે દેશો સાથે સરખામણી કરતા આપણા ભારતની પ્રગતિને ગૌણ સમજવી તે કદાપી યોગ્ય નથી.

આપણા દેશે સ્વતંત્રતા મેળવે આસરે ૬૫ વર્ષ થયા. તે દરમ્યાન ભારત ઉપખંડમાં ઘણી ઉથલ પાથલ થયેલ - ચીન પાકિસ્તાન સાથે લડાઈઓ, બંગ્લાદેશનો જન્મ અને તે કારણે લાખો નિરાશ્રિતોનો દેશ ઉપર બોજ, કુદરતી આપદાઓ, ઈત્યાદી એવી પરિસ્થિતિઓ નિર્માયેલ કે દેશની જનતાનું પેટ ભરવા, પરદેશથી ભેટમાં મોકલાયેલ સડેલ અનાજ સ્વીકારવાની આપણને ફરજ પડેલ.

અને આજે ૪૦ કરોડથી ૧૧૦ કરોડ ઉપરની વસ્તી થઈ હોવા છતાં, અનાજ ભરપુર માત્રામાં ઉપલબ્ધ છે. એટલુ જ નહીં અમુક પ્રમાણમાં એક્સપોર્ટ પણ થાય છે. જરૂરિયાતની ચીજોની કોઈ કમી નથી. મનોરંજન એશો આરામના સાધનો, મોબાઈલો તેમજ અનેક મોજ શોખની આઈટમોથી દેશની બજારો ઉભરાય છે. આપણે આપણા દેશના ઉપગ્રહો તો આકાશમાં તરતા મુક્યા છે પણ સાથે સાથે બીજા દેશોના ઉપગ્રહો પણ આપણે અવકાશમાં છોડ્યા છે. દેશની વિકાસ ગાથાનું લીસ્ટ આપણે વિચારીએ તો ઘણું લાંબુ લચક થાય અને આ વિકાસ પણ કેવા વિરોધાભાસી સંજોગોમાં, જ્યાં દેશમાં અનેક ધર્મો છે, અનેક ભાષાઓ છે, ખાવા પીવાની પહેરવેશની, રીત રિવાજોની ભરમાર છે જે દુનિયાના કોઈ દેશમાં નથી. કમાલની વાત એ છે કે આપણે આપણા દેશની પ્રગતિની કદર નથી કરતા જ્યારે પરદેશીઓ આપણી પ્રગતિને આશ્ચર્ય અને માનથી જોય છે.

**ચાલો આપણે આપણા મહાન દેશ માટે ગૌરવ લઈએ, કે આપણે આ દેશના નાગરિક છીએ.**

**જય હિંદ....**

**શ્રી કનકેશ્વરી કૃપા**

**લક્ષ્મી પુજન, ચોપડા પુજન, શારદાપુજન, સત્યનારાયણા કથા, હવન, પીતૃકાર્ય, શાંતિ હવન, જન્માક્ષર પરથી, માર્ગદર્શન આપનાર સર્વ પૂજા કાર્ય કરનાર**

સંપર્ક : **પુજારી નરેશકુમાર ભટ્ટ (ખંભાતવાળા)**

**સેલ : ૯૨૯૧૪ ૫૩૧૨૪, ૮૮૯૭૬ ૬૪૦૨૫**

(જા.ખ.)

## માવજત સમિતિ

સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯

### અનુભવી ડોક્ટરના માર્ગદર્શન હેઠળ કબ્જીયાત, ડાયાબીટીસ તથા હૃદય ને લગતી બાબતો ઉપર જાણકારીનો સેમીનાર

આપણા ત્રણે દવાખાના રાબેતા મુજબ ચાલી રહ્યા છે. જેનો સભ્યો તથા જાહેર જનતા પણ સારો લાભ લઈ રહ્યા છે. જણાવતા હર્ષ થાય છે કે કચ્છી ભવન માં રવિવાર તા. ૧૬-૯-૨૦૧૨ ના સવારે ૯ થી ૧૨ સુધીમાં ૩ અનુભવી ડોક્ટરો તરફથી ખાસ કરીને કબ્જીયાત (Constipation) ડાયાબીટીસ તથા હાર્ટ વિશેની માહિતી તથા લાઈવ ઓપરેશનની સ્લાઈડસ બતાડવામાં આવશે.

૧) **ડૉ. અરસદ પંજાની** - કન્સલટન્ટ ફીઝીસિયન તથા ડાયાબેટોલોજીસ્ટ : કબ્જીયાત તથા ડાયાબીટીસ બાબતની જાણકારી આપશે.

૨) **ડૉ. પંકજ વી. ઝરીવાલા** - કાર્ડીયોલોજીસ્ટ : હાર્ટ બાબતની જાણકારી આપશે.

૩) **ડૉ.કે. વેન્કટ રેડ્ડી** - કાર્ડીયાક સર્જન : લાઈવ સર્જરીની સ્લાઈડ્સ બતાડતા હાર્ટની સંભાળ કેવી રીતે રાખવી તે વિશે જાણકારી આપશે.

**સ્થળ : કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ**

**દિવસ : રવિવાર તા. ૧૬-૯-૨૦૧૨,**

**સમય : સવારના ૯ થી ૯.૩૦ ચા**

**સવારના ૯.૩૦ થી ૧૧.૩૦ ડૉક્ટરોના લેકચર.**

**INVITATION OPEN TO ALL**

## આવાસગૃહ સમિતિ

સંચાલક : નવીનચંદ્ર વિશનજી હરિયા

ચૈતન્યપુરી સ્થિત શ્રી કચ્છી મિત્રમંડળ સંચાલિત આવાસ ગૃહમાં એક ફ્લેટ ખાલી થયેલ છે. જરૂરિઆતમંદ સભ્ય પરિવાર ૩૧ ઓગસ્ટ ૨૦૧૨ પહેલા લેખીત અરજી કચ્છી ભવનની ઓફીસમાં મોકલી આપવી. હમણા જે પરિવારો આવાસ ગૃહમાં રહે છે. તેઓએ અરજી કરવી નહીં.

**શ્રી ઘનશ્યામ જે. ભટ્ટ** (ગુજરાતી મહારાજ)

**શ્રી સત્યનારાયણ કથા, રાંદલ માતા, લોટા લગ્ન, ગ્રહપ્રવેશ, નક્ષત્ર શાંતિ, પિતૃદોષ, મેળાપક, જન્માક્ષર, કુંડલી તથા દરેક પ્રકારની**

**ધાર્મિક પૂજા વિધી માટે સંપર્ક:**

**C/o. K.P. Shreevastav, # 4-5-662, First Floor,**
**Opp. St. Pauls School, Kutbiguda, Hyderabad - 27**
**Mobile : 99895 11627, 90007 98770**

(જા.ખ.)

# પર્યુષણ મહાપર્વ સમિતિ

સંચાલક : મણીકાંત મેઘજી મોમાયા

સવિનય જણાવવાનું કે પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ શ્રાવણ વદ ૧૩, મંગળવાર તા. ૧૪-૮-૨૦૧૨ થી શરૂ થાય છે. ભાદરવા સુદ ૫, મંગળવાર તા. ૨૧-૮-૨૦૧૨ સાંજના ૪.૦૦ વાગે સાવંત્સરિક પ્રતિક્રમણ કચ્છીભવન માં રાખવામાં આવેલ છે. પ્રતિક્રમણ બાદ શ્રીફળની પ્રભાવના માતુશ્રી શાંતાબેન હીરજી ગોસર પરિવાર તથા લાડુની પ્રભાવના શ્રી બાલાજી રતનલાલ મિઠાઈવાળા તરફથી રાખવામાં આવેલ છે. અન્ય કોઈને પણ પ્રભાવના કરવી હોયતો કરી શકે છે. પર્વ દરમ્યાન ધાર્મિક પ્રવૃત્તિ માટે ભવન ખાલી રાખવામાં આવેલ છે જેને પણ ભવનનો લાભ લેવો હોય તેઓએ પોતાના કાર્યક્રમની વિગત ભવનની ઓફિસમાં જણાવવા વિનંતી.

ભાદરવા સુદ છઠ્ઠ, બુધવાર તા. ૨૨-૮-૨૦૧૨ સવારનાં ૧૦.૩૦ કલાકે સાવંત્સરિક ક્ષમાપના સમ્મેલનનું આયોજન કરવામાં આવેલ છે. સમ્મેલનમાં ૮ અથવા એથી વધુ ઉપવાસની તપસ્યા કરનારનું બહુમાન કરવામાં આવશે. તપસ્વીઓના નામ કચ્છી ભવનમાં નોંધાવવા વિનંતી. ક્ષમાપના સમ્મેલન પ્રસંગે શ્રી સંઘ સ્વામિવાત્સલ્યનો લાભ શ્રી સંઘના ૧૨ પરિવારજનોએ લીધેલ છે. સ્વામિવાત્સલ્યનો લાભ સૌએ જરૂરથી લેવા વિનંતી. જમણવારમાં ટીફીન પ્રથા બંધ રાખવામાં આવેલ છે જેની નોંધ લેવા વિનંતી.

સ્વામિવાત્સલ્યનો ખર્ચ નીચે જણાવેલ પરિવારોએ ઉપાડેલ છે. લાભાર્થીઓનોં આભાર...

૧) શ્રી ધનજી લખમશી સાવલા પરિવાર
૨) શ્રી દામજી જીવરાજ નાગડા પરિવાર
૩) શ્રી અમૃતલાલ ભાણજી નિશર પરિવાર
૪) શ્રી કિર્તીકુમાર ટોકરશી કાપડિયા પરિવાર
૫) માતુશ્રી રતનબેન કેશવજી છેડા પરિવાર
૬) માતુશ્રી પુરબાઈ વિસનજી હરિયા પરિવાર
૭) માતુશ્રી ઝવેરબેન લાલજી પરબત મોતા પરિવાર
૮) શ્રી અમૃતલાલ રવજી ભેદા પરિવાર
૯) શ્રી સુભાષભાઈ કસ્તુરચંદ ખંડોર પરિવાર
૧૦) શ્રી પ્રવિણભાઈ મેઘજી કારાણી પરિવાર (ગોલ્ડન ઈન્ટરપ્રાઈસેસ)
૧૧) શ્રી હસમુખ અને તનસુખભાઈ દેઢિયા પરિવાર (નીલગીરી સ્ટોર)
૧૨) શ્રી મણીકાંત મેઘજી મોમાયા પરિવાર (ગૌરવ કેટરર્સ)

બુધવાર તા. ૨૨-૮-૨૦૧૨ થી રવિવાર તા. ૨૬-૮-૨૦૧૨ સુધી તપસ્વીઓની સાંજી માટે હોલ ફક્ત ત્રણ કલાક માટે નિ:શુલ્ક ફાળવવામાં આવશે પણ પ્રસંગ માટે વપરાતી ભવનની સાધન-સામગ્રી તથા ઈલેક્ટ્રીસીટીનો ચાર્જ સભ્યોના નિયમ પ્રમાણે લેવામાં આવશે. આપના પ્રસંગ માટે બુકીંગ કચ્છી ભવનમાં કરાવવા વિનંતી.

## YUVA SAMITI

Sanchalak : **Kunal Tarachand Haria**

### REPORT ON THE FUN FULLED EVENT ORGANISED AT SUMMER GREEN RESORT

The KMM Yuva Samiti, takes pride in reporting the Committee about the successful outdoor event concluded on 29th July 2012, at **"Summer Green Resort"**, located near Shameerpet. The event was well supported by our lead Sponsor Kalpana Trading Company and co sponsored by Blue Star Rubber Products (Raju Bhai), Indian Emporium, Shree Shanti Selection (Suresh Bhai), and Vishal Cut Piece Centre.

It was a full day event, and the response to the event was tremendous, as we had last moment request for entries. We had to restrict the entries and finally accommodate around 120 participants. The entries were on first-cum-first-basis. Seeing such a response has given us a thought to arrange such event on a bigger scale, in future.

All the participants gathered at Jineshwardham and 2 private buses were arranged for transportation. We reached the resort by 8.30 am and were provided a welcome drink, followed by breakfast. The pleasant weather added an advantage to our trip.

After settling down a bit, various adventurous and thrilling games like Archery, Bungee Jumping, Rappelling were arranged by the professional staff of the resort. To ensure proper participation in stipulated time, groups were created and each group was lead by their professional staff. The enthusiasm of the participants for these adventurous activities was electrifying. Cricket fans were not disappointed as even cricket was arranged, where 2 teams were created with around 15 m embers each.

After fun filled adventurous activities, lunch was arranged at around 1 pm. After lunch and a quick rest, the participants jumped into the swimming pool, which had 2 goal post at each end for game of throw-ball. The participants had maximum fun in the pool. Later Rain Dance was arranged. where the participants danced their way.

Tea was then arranged at 5 pm and then we started our way back to Jineshwardham. We reached by 8.30 pm.

The trip concluded successfully and all the participants were clearly overjoyed by the time they had in the resort.

We look forward to continued support given by the sponsors and the community people to make all events a success, after all KMM Yuva Samiti is by the community, for the community.

We will be back with more such activities, keep watching....




*દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :*

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(ભુ. ક.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

**માનવસેવા માટે જીવનમાં રક્તદાન - મૃત્ય પછી નેત્ર દાન**

રક્તદાનની મહત્તાની સમજણ અને ઉપયોગીતા જેને તેની જરૂર પડે ત્યારેજ સમજાય છે. એટલે ઉપરોક્ત પંક્તિને વાંચતા મન પર છાપ પડે છે કે રક્તદાન એ મહાદાન છે. રક્તદાતા જે ઉચ્ચ ભાવનાથી રક્તદાન કરે છે તે ઉત્તમ માનવસેવા છે. આપણા સમાજમાં, સભ્યની શસ્ત્રક્રિયા અથવા અન્ય પ્રસંગે રક્તની જરૂરીયાત પડતા, માનવમિત્ર હર હમેશ તે મેળવવા માટે સફળ રહ્યા છે. રક્તદાતાઓને જેટલા અભિનંદન પાઠવીએ એટલા ઓછા છે.

છેલ્લા એક વર્ષથી સંજોગોવશાત રક્તદાનની પ્રવૃત્તિ થોડી ધીમી થઈ ગઈ હતી. આપણી સામાન્ય સભામાં સર્વે સભ્યોની એકજ ભાવના હતી કે છેલ્લા ઘણા વર્ષથી ચાલતી આ માનવસેવા જેવી પ્રવૃત્તિને વેગ આપી સભ્યોને મદદરૂપ થવું જોઈએ. આપ સૌ સભ્યો તથા કારોબારી સમિતિના સભ્યોનો અમારા માનવમિત્ર સમિતિને હરહમેશ સાથ-સહકાર મળતો રહ્યો છે.

છેલ્લા બે ત્રણ વર્ષથી વ્યવસાયની પરિસ્થિતીમાં બદલાવ આવી જતાં, નવા રક્તદાતાઓમાં વધારો થતો નથી, છતાં સંચાલક શ્રી પંકજ વલ્લભજી સાવલા પોતાની શક્તિ અને સમય આપી રક્ત મેળવી આપવા પ્રયાસ કરે છે. જેમા સર્વે રક્તદાતાનો સહકાર હશે તો આ પ્રવૃત્તિ સફળ રહેશે.

**આશ્રમ માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૧૦૦૦/- | શ્રી નેમજી કાનજી ધરોડ |
| રૂ. | ૧૦૦૦/- | સ્વ. રાણબાઈ પ્રેમજી ગડાના સ્મર્ણાર્થે |
| રૂ. | ૫૦૦/- | સ્વ. મગનલાલ ખીમજી સાવલાની પુણ્યતિથી નિમીત્તે |
| રૂ. | ૨૫૦/- | સ્વ. ઝવેરબેન શિવજી ગડા - ગામ ગુંદાલાના સ્મર્ણાર્થે હઃ શ્રી મણિલાલ રામજી ધરોડ મોટીબેન ના અવસાન નિમિત્તે |

**ગૌશાળા માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૧૧૦૦૦/- | માતુશ્રી પ્રભાબેન જયચંદ બોરીચા |
| રૂ. | ૧૦૦૦/- | શ્રીમતી મિત્તલ મૃદુલ ધરોડ, હઃ શ્રીમતિ ચંદ્રિકા નવિન રાંભિયા |
| રૂ. | ૧૦૦૦/- | શ્રી નેમજી કાનજી ધરોડ |
| રૂ. | ૧૦૦૦/- | સ્વ. રાણબાઈ પ્રેમજી ગડાના સ્મર્ણાર્થે |
| રૂ. | ૫૦૦/- | સ્વ. મગનલાલ ખીમજી સાવલાની પુણ્યતિથી નિમિત્તે |
| રૂ. | ૨૫૦/- | સ્વ. ઝવેરબેન શિવજી ગડા, ગામ : ગુંદાલાના સ્મર્ણાર્થે હઃ શ્રી મણિલાલ રામજી ધરોડ મોટીબેનના અવસાન નિમિત્તે. |
| રૂ. | ૨૫૧/- | સ્વ. ખડાશંકર ગોવિન્દજી જોષીના સ્મર્ણાર્થે |

**હોસ્પીટલ માટે દાન**

| | | |
|---|---|---|
| રૂ. | ૧૦૦૦/- | શ્રી નેમજી કાનજી ધરોડ |
| રૂ. | ૧૦૦૦/- | સ્વ. રાણબાઈ પ્રેમજી ગડાના સ્મર્ણાર્થે |
| રૂ. | ૨,૫૦૦/- | માતુશ્રી પ્રભાબેન જયચંદ બોરીચા |

**જાનવરોની વયાવચ્ચ**

રૂ. ૨૫૦૦/- માતુશ્રી પ્રભાબેન જયચંદ બોરીચા
રૂ. ૧૦૦૦/- સ્વ. મગનલાલ ખીમજી સાવલાની પુણ્યતિથી નિમિત્તે
રૂ. ૧૦૦૦/- શ્રી નેમજી કાનજી ધરોડ
રૂ. ૧૦૦૦/- સ્વ. રાણબાઈ પ્રેમજી ગડા ના સ્મર્ણાર્થે

**ડાયાલીસીસ માટે (એક ડાયાલીસીસના રૂ. ૫૦૦/- લેખે)**

રૂ. ૨૧૦૦૦/- નવ દિક્ષીત યતનાબાઈ મહાસતી (પ્રીતા હરીશ ગાલા) ના જન્મ દિવસ નિમિત્તે એક દિવસ પુરા ડાયલાસીસના ખર્ચના હઃ પ્રભાબેન મણિલાલ સંઘોઈ.
રૂ. ૨૧૦૦૦/- શ્રીમતિ પૂર્વી સૂર્યકાન્ત દેઢીયા, ગામ : ટુંડા હાલે મુંબઈ જન્મ દિવસ નિમિત્તે એક દિવસ પુરા ડાયલાસીસના ખર્ચના હઃ શ્રીમતિ રમીલા રતિલાલ છેડા

૨ ડાયલાસીસ શ્રી નેમજી કાનજી ધરોડ
૬ ડાયલાસીસ શ્રી નેમજી દામજી કક્કા
૨ ડાયલાસીસ સ્વ. રાણબાઈ પ્રેમજી ગડાના સ્મર્ણાર્થે
૨ ડાયલાસીસ કુ. ધ્રુવી-જૈનીલ પંકજ દેઢીયા
૨ ડાયલાસીસ સ્વ. શાંતાબેન શાંતિલાલ ગાલા
૧ ડાયલાસીસ સ્વ. ગંગાબેન આશરિયા માલદે
૧ ડાયલાસીસ શ્રીમતિ દમયન્તી પ્રવિણ બોરીચા
૧ ડાયલાસીસ શ્રી જીગર પ્રવિણ બોરીચા
૧ ડાયલાસીસ શ્રીમતિ પ્રીતી જીગર બોરીચા
૧ ડાયલાસીસ ચિ. લેખ જીગર બોરીચા
૧ ડાયલાસીસ શ્રીમતી નિપા વિમલ બોરીચા
૧ ડાયલાસીસ પ્રિતી વિમલ બોરીચા
૧ ડાયલાસીસ હેતલ વિમલ બોરીચા
૧ ડાયલાસીસ ભક્તિ વિમલ બોરીચા
૧ ડાયલાસીસ પારૂલ નિતિન બોરીચા
૧ ડાયલાસીસ દેવાંસી નિતિન બોરીચા
૧ ડાયલાસીસ ધૈર્ય નિતિન બોરીચા

**મૂઠીતર અનાજ યોજના :** ગત માસમાં નીચે મુજબ અનાજ પ્રાપ્ત થયેલ છે.
૩૭૫ કિલો ચોખા, ૨૫ કિલો દાળ તથા ૩૩ કિલો ચોખા - હેનલ પંકજ સાવલાના જન્મદિવસ નિમિત્તે
૨૫ કિલો ચોખા - શ્રી લક્ષ્મણભાઈ (તારા કેટરર્સ) હૈદ્રાબાદ તરફથી

ઉપર મુજબના અનાજ વિવિધ આશ્રમોમાં વિતરણ કરેલ છે.

---

## Donate Eyes - Live Twice

## શાંતિવન સમિતિ

**સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા**
**સહ સંચાલક : દામજી માવજી સાવલા**

''વિવિધતામાં સુંદરતા'' આ નિયમને અનુરૂપ સમિતીના કાર્યક્રમમાં કઈક વિવિધતા હોવી જોઈએ માટે રવિવાર તા. ૨૯-૭-૨૦૧૨ સાંજના ઠીક ૫.૦૦ વાગે નાયારાણગુડા સ્થિત મેલકોટે ગાર્ડનમાં સરળ વ્યાયામ બાબત યોગા નિષ્ણાત આપણાજ સમાજના સનીષ્ઠ કાર્યકર્તા શ્રી પ્રવીણભાઈ કાપડિયા પાસેથી માર્ગદર્શનનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ.

શ્રી પ્રવીણભાઈ શ્રી ગાંધી જ્ઞાન મંદિરમાં યોગાનુ પ્રશિક્ષણ સવારનાં ૪.૦૦ વાગ્યાથી રાતના ૮.૦૦ વાગ્યા સુધી અવિરત આપી રહ્યા છે. એમના પાસેથી પ્રશિક્ષણ મેળવી વિવિધ સેન્ટરોમાં યોગાના કલાસેસ ચલાવી પોતાના નિર્વાહ માટે ઉચ્ચ વળતર મેળવી બીજાઓ પોતાનું જીવનસ્તર ઉચ્ચસ્તરે લઈ ગયા છે. આજનો એમનો વ્યાખ્યાન ૪૦,૦૦૦ મું હતું. દુનિયાના વિવિધ દેશોમાં યોગ બાબત એમનુ માર્ગદર્શન કેટલાક લોકોએ મેળવેલ છે.

સંભવિત જોરદાર વરસાદના વાતાવરણમાં ખુલા આસમાન નિચે સર્વે સભ્યો એકત્રીત થયા હતા. ગાર્ડનના સ્ટેડીયમમાં કાર્યક્રમની શરૂઆત થયેલ. મિત્ર મંડળના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હરીલાલ ભીમશી સાવલા, પ્રમુખશ્રી ધનજીભાઈ લખમશી સાવલા, માનદ્મંત્રી શ્રી અમૃતલાલભાઈ ભાણજી નિશર, સહમંત્રી શ્રી પ્રેમચંદભાઈ કેશવજી છેડા તથા સહખજાનચી શ્રી દિનેશભાઈ કલ્યાણજી ગોસરની હાજરીથી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ થએલ.

ડેમો સાથે બહૂજ સરળ ભાષામાં સંપૂર્ણ શરીરના પ્રત્યેક અવયવની પાંચથી દસ સેકંડના વિવિધ વ્યાયામથી શું લાભ થાય છે એનો માર્ગદર્શન આપેલ. સર્વે સભ્યો સાથે મંડળના પદાધિકારીઓએ શ્રી પ્રવિણભાઈના યોગાના પ્રશિક્ષણનું સ્વાનુભવનું વખાણ કરેલ. શ્રી પ્રવિણ ભાઈ કાપડિયાએ પોતાની સેવાની હર હમેશ માટે ખાત્રી આપેલ.

સર્વ સભ્યોના સહકારથી તથા મિત્ર મંડળના પદાધિકારીઓના યોગ્ય પ્રતિસાદથી કાર્યક્રમ સફળ રહેલ માટે સર્વેનો આભાર માની, ચા-નાસ્તાને માન આપી સૌ છુટા પડ્યા

શ્રી દામજીભાઈ સાવલા તથા શ્રી નિલેશભાઈ સાવલાની સેવા ઉલ્લેખનીય રહેલ. વિચારાધીન અગામી કાર્યક્રમોની રૂપરેખા નક્કી થતા સર્વેને જણાવવામાં આવશે.

## SHANTI PRIMAY SCHOOL

Sanchalak : **Vipul Harilal Nisar**

### SWARAJ IS MY BIRTH RIGHT

**- BAL GANGADHAR TILAK**

On the joyous occasion of our 65th Independence Day, the students & the Staff invites you all to join them for the Flag Hoisting ceremony. The program is as below :

**Date : Wednesday 15th August 2012 - Time : 8.45 am Sharp**
**Venue : Shri Kutchhi Bhavan**

All the members of KMM are requested to participate in good numbers with family.
Program followed by Tea and Snacks.

# સભ્યપદ સમિતિ

સંચાલક : **મનીષ મગનલાલ સાવલા**
સહ સંચાલકો : **હરેશ હેમરાજ દેઢિયા, લહેરચંદ ટોકરશી લોડાયા**

સહર્ષ જણાવવાનું કે મંડળની તા. ૩૦-૭-૨૦૧૨ના મળેલ સંયુક્ત સભામાં જુલાઇ ૨૦૧૨ મહિનાનાં ૧૦ વ્યક્તિઓની આજીવન સભ્યપદની અરજીઓને મંજૂર કરવામાં આવેલ છે.

| | **નામ** | **ગામ** | **મેમ્બરશીપ નંબર** |
|---|---|---|---|
| ૧ | કુમાર મિતેશ જગદીશ ગાલા | વડાલા | M/1012/7/12 |
| ૨ | શ્રીમતિ પૂનમ વિશાલ ગાલા | વડાલા | P/1007/7/12 |
| ૩ | શ્રી વિશાલ જગદીશ ગાલા | વડાલા | V/1006/7/12 |
| ૪ | શ્રી અશ્વિન વર્ધમાન લોડાયા | કોઠારા | A/1006/7/12 |
| ૫ | શ્રીમતિ નીશિતા ભાવેશ મોતા | વારાપધર | N/1009/7/12 |
| ૬ | શ્રીમતિ હેમાલી નિતેશ મોતા | વારાપધર | H/1015/7/12 |
| ૭ | કુમાર સૌરભ નીતિન હરીયા | શેરડી | S/1010/7/12 |
| ૮ | શ્રીમતિ વાસંતી નીતિન હરીયા | શેરડી | V/1007/7/12 |
| ૯ | શ્રી નીતિન વેલજી કુરવા | ગોધરા | N/1010/7/12 |
| ૧૦ | શ્રીમતિ રાગીની રાજેન્દ્ર વોરા | પત્રી | R/1004/7/12 |

ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળવતી હાર્દિક અભિનંદન...

સભ્યપદનું લિસ્ટ અપગ્રેડ કરવાનું છે. એ માટે શ્રી કચ્છી મિત્ર મંડળના સભ્ય કુટુંબીજનો માટે સૂચનાં. નીચે મુજબનાં કોઈ પણ ફેરફાર થયા હોય તો જણાવવા વિનંતી.

૧) પરિવારમાં શ્રી કચ્છી મિત્ર મંડળનાં સભ્યનું અવસાન થયુ હોય અને એનાથી નિંયાપોના લીસ્ટમાં ફેરફાર કરવા અથવા પરિવારમાં બીજા કોઇ સભ્ય ન હોયતો સભ્ય બનાવવું.

૨) મંડળના સભ્ય હૈદરાબાદના વિસ્તારથી બહાર ગામ રહેવા ગયા હોય.

૩) મંડળની સભ્ય દિકરીનાં લગ્ન થઈ હૈદરાબાદથી બહાર સ્થળાંતર કર્યું હોય

૪) મંડળની સભ્ય દિકરીનાં લગ્ન હૈદરાબાદનાં સભ્ય કુટુંબમાં થયા હોય.

૫) મંડળનો સભ્યપદ કોઈપણ કારણે ટ્રાન્સફરેબલ નથી.

ઉપરના સંજોગમાં મંડળની ઓફીસમાં જાણકરવા વિનંતી. એ સિવાય સભ્યપદનાં સંચાલકો મનીષ મગનલાલ સાવલા-૯૩૯૧૦ ૨૪૧૦૮, હરેશ હેમરાજ દેઢીયા-૯૨૪૬૧ ૯૪૪૦૫, લહેરચંદ ટોકરશી લોડાયા-૯૨૪૬૫ ૩૧૦૬૬ ને ફોન દ્વારા અથવા રૂબરૂ મળીને જણાવશો જેથી મંડળના સભ્યપદનું નવું લીસ્ટ વ્યવસ્થીત અપડેટ થઈ શકે.

**CHANGE OF ADDRESS :**

Dr. Dungarshi Damji Gada, Flat No. 504, S.V.C. Residency, H.No. 3-4-813/1, Behind Mahendra Residency, Beside Paragoan, Barkatpura, Hyderabad-500 027.

Dr. D. D. Shah - 093999 53035, Dr. Prashant Shah - 093910 17833, Mrs. Chandan Gada - 093476 59660, Mrs. Ishika Shah - 040-2460 2195 E-mail : prashantshah44@yahoo.co.in

# સંસ્થા સમાચાર

❖ **શ્રી કચ્છી ઓસવાલ મ્યુચ્યુલી એડેડ કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટી :** શ્રી કચ્છી ઓસવાલ મ્યુચ્યુલી એડેડ કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટી, હૈદરાબાદ ૧૬મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૧૫ મી જુલાઈ ૨૦૧૨ ના કચ્છી ભવન, રામકોટ, હૈદરાબાદ મધ્યે યોજવામાં આવેલ.

વર્ષ ૨૦૧૧-૧૨ માં કુલ ૨૫૬ સભ્યોને રૂ. ૧૩૪૦.૨૩ લાખની વિવિધ લોનો મંજૂર કરવામાં આવેલ. સોસાયટીની કુલ શેર મૂડી રૂ. ૧૫૭.૨૪ લાખની છે જેના ઊપર ૧૮ ટકાનું ડીવીડનન્ડ સભ્યોને આપવામાં આવેલ. સભ્યોને તેમની નિરંતર ડિપોજીટ ઊપર ૯ ટકા નું વ્યાજ અપાય છે. રોટેશન પદ્ધતિથી દર વર્ષે ૪ ડાયરેક્ટરો વારાફરતી રિટાયર થાય છે. આ વર્ષે ડાયરેક્ટરોની ચૂંટણી માટે ૬ ઉમેદવારોએ નામ નોંધાવેલ જેમાથી નીચેના ૪ ઉમેદવારો ડાયરેક્ટર તરીકે ચૂંટાઈ આવેલ.

૧) શ્રી અરવિંદ કેશવજી છેડા (ગોધરા) ૨) C.A. દિપ્તી ચન્દ્રેશ છેડા (કાંડાગરા) ૩) શ્રી ચીમનલાલ લાલજી ગાલા (છસરા) ૪) શ્રી વસંત ઊમરશી વોરા (નવિનાર)

વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે નીચેના કાર્યકારી ડાયરેક્ટરોની વરણી કરવામાં આવેલ.

ચેરમેન : શ્રી સંજય નાનજી ગાલા-લાખાપર, ડેપ્યુટી ચેરમેન : શ્રી તારાચંદ મણીલાલ ધરોડ-પત્રી, મેનેજીંગ ડાયરેક્ટર : C.A. ખુશાલ લક્ષ્મીચંદ ગાલા-સાભરાઈ, ડાયરેક્ટર (વહીવટ) : શ્રી અરવિંદ કેશવજી છેડા-ગોધરા, ડાયરેક્ટર (વિત્ત) : શ્રી વસંત ઊમરશી વોરા-નવીનાર

❖ **આંધ્ર પ્રદેશ કચ્છી વિસા ઓસવાલ સમાજ :** સમાજની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૫-૮-૨૦૧૨ ના કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે.

❖ **શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ :** મંડળના ઓગસ્ટ ૨૦૧૨ મહિનાના અતિથિ વિશેષ તરીકે શ્રી અચલગચ્છ જૈન સંઘના મેનેજીંગ ટ્રસ્ટી શેઠશ્રી મણિકાંત મેઘજી મોમાયા રહેશે.

❖ **શ્રી વિતરાગ મિત્ર મંડળ :** મંડળ તરફથી દર રવિવારે ગરીબો માટે અન્નદાન નો આયોજન કોઠી જૈન મંદિર પાસે કરવામાં આવે છે. લાભ લેવા ઇચ્છુકે રિદ્ધીશ રમેશ જાગીરદાર ૯૮૪૯૯૮૮૯૯૯ પર સંપર્ક કરવો.

---

## જીવન ચક્ર

### પુત્રી જન્મ

| | |
|---|---|
| નેહા કમલ તારાચંદ હરીયા | સાભરાઈ |
| નમ્રતા કમલેશ જવેરચંદ દંડ | સુથરી |
| દર્શના રાકેશ અનીલ મોમાયા | વારાપધર |

### સગપણ

| | | |
|---|---|---|
| ચિરાગ સંજય હરિલાલ સાવલા | સમાઘોઘા | હૈદરાબાદ |
| શ્રૃતિ ખુશાલચંદ લાલજી હરિયા | સાભરાઈ | હૈદરાબાદ |

### અવસાન

| | | |
|---|---|---|
| દમયંતીબેન ચત્રભુજ ધરમશી | ઉ.વ. ૫૭ | કોઠારા |
| સરલાબેન ચુનિલાલ ગાલા | ઉ.વ. ૫૭ | મોટા આસંબિયા |
| રાણબાઈ પ્રેમજી ગડા | ઉ.વ. ૮૮ | મોટા આસંબિયા |

## ભવન બુકીંગ - ઑફ સિઝન (નોન મેમ્બર્સ માટે)

લગ્નની સિઝનમાં આપણો કચ્છી ભવન હમેશા ફુલ રહે છે. ઓફ સિઝનમાં પણ ભવનની બુકીંગ વધે તે માટે આપણે કોશિષ કરવી તે પ્રમાણેનો એક સુઝાવ સાધારણ સભામાં રજુ કરવામાં આવેલ. બધી બાબતો ઉપર વિચાર કરી, "ઑફ સિઝન"માં ભવન બુકીંગ ને ઉત્તેજન આપવા હેતુ, નીચે મુજબના સ્પેશલ ડિસ્કાઉન્ટ રેટ નોન-મેમ્બર માટે આપવાનું નક્કી કરેલ છે.

**ફક્ત મિટીંગો માટે (સ્પેશિયલ ડીસ્કાઉન્ટેડ રેટ)**

**૩૦ દિવસ અંદરની બુકીંગ માટે**

| | |
|---|---|
| મેઈન હોલ ગ્રાઉન્ડ ફ્લોર | રૂ. ૨૦,૦૦૦/- |
| સાઈડ હોલ ગ્રાઉન્ડ ફ્લોર | રૂ. ૮૦૦૦/- |

**૧૫ દિવસ અંદરની બુકીંગ માટે**

| | |
|---|---|
| મેઈન હોલ ગ્રાઉન્ડ ફ્લોર | રૂ. ૧૫,૦૦૦/- |
| સાઈડ હોલ ગ્રાઉન્ડ ફ્લોર | રૂ. ૭,૦૦૦/- |

**સર્વીસ ટેક્ષ ૧૨.૩૬ ટકા**

નોંધ : ૧) મેઈન હોલ વધારેમાં વધારે ૨૦૦ વ્યક્તિઓ માટે તેમજ સાઈડ હોલ વધારેમાં વધારે ૧૦૦ વ્યક્તિઓ માટે ૨) ઉપરના રેટમાં, હોલનું ભાડું, ખુરશીઓ, ડાયઝ એરેન્જમેન્ટ, સાઉન્ડ એરેન્જમેન્ટ, ફેન, લાઈટ આવી જાય છે. ૩) એક્સ્ટ્રા : એરકુલીંગ તેમજ સ્નેક્સ કે લંચ / ડીનર રાખેલ હોય તો તે માટેના વાસણ ઈત્યાદીના ભાડું વધારાનું લાગશે.

**મેમ્બરોને વિનંતી :** આપ સહુ કોઈને કોઈ સંસ્થા, કંપની, એસોસિયેશન, લાયન્સ ક્લબ, રોટરી ક્લબ ઈત્યાદીથી સંકળાયેલા હશો, જેઓ પોતાની વાર્ષિક સભા કોઈને કોઈ હોલમાં આયોજીત કરતા હશે.

**આપને વિનંતી કે આ સંસ્થાઓ પોતાની સભાઓ આપણા ભવનમાં આયોજીત કરે તે માટે પ્રોત્સાહિત કરશો. આપના સુઝાવો આવકાર્ય છે.**




FOR ALL YOUR COMPUTER WORK

❖ CHIP LEVEL REPAIR : LAPTOP, DESKTOP, MOTHER BOARD, MONITOR, PRINTER, UPS, DATA RECOVERY & NET WORKING

❖ TROUBLE SHOOTING ❖ VIRUS CLEANING ETC.

❖ NEW COMPUTER SALES & PURCHASE

Contact : **CARE TECHNOLOGIES,** Dharmendra Sahani - 90308 773362 (જા.ખ.)

વર્ષ દરમ્યાન જાણતા અજાણતા અમારા પરિવાર તરફથી કોઈનું મન દુઃભાવ્યું હોય તો અંતકરણપૂર્વક

**મિચ્છામિ દુક્કડમ**

**માતુશ્રી દેવકાબેન વિરચંદ નરશી લોડાયા જાગીરદાર પરિવાર**

**COMPUTERISED HOROSCOPE, MATCH MAKING IN HINDI, ENGLISH LANGUAGE.**
**DESIGNING - PRINTING - COLOUR PRINTS - FLEX BANNERS**
**ADVERTISEMENTS IN LEADING NEWS PAPERS, MEDIA PUBLICITY**
Contact: **RIDESH RAMESH JAGIRDAR @ CHANDRAPRABHA GRAPHICS**
**37, ROYAL PLAZA, SULTAN BAZAR, NEAR HVS SCHOOL, HYDERABAD.**
**PH: 66780780, 98499 88999 chandraprabhagraphics@gmail.com** (જા.ખ.)

# વિવિધા

## મોંઘવારી

જીવન જરૂરિયાતની બધી ચીજોના ભાવ કુદકે અને ભુસકે વધી રહ્યા છે. અનાજ, ખાંડ, શાકભાજી ગેસ, પેટ્રોલ ઈત્યાદી બધાના ભાવો આસમાને પહોંચી ગયા છે. થોડી ચીજોના ભાવો ૨૦૦-૩૦૦ ટકા તો કોઈ ચીજોના ભાવ ૫૦૦ ટકાથી પણ વધારે થઈ ગયા છે. પ્રજાની વિચાર શક્તિ બંધ થઈ ગઈ છે, કે બાંધેલી આવકમાં આવક જાવકના ટાંટિયા કેમ મેળવવા ! પરિસ્થિતિ એવી સર્જાઈ રહી છે કે ફક્ત સાધારણ આવકવાળા નહીં પણ જેમને આવતી કાલની ફિકર નથી તેવા કુટુંબોને પણ આગ ઝરતી મોંઘવારીએ વિચાર કરતા કરી દીધા છે.

આ પરિસ્થિતીમાં અપનાવવા જેવો એક મહામુલો મંત્ર હોય તો તે છે **'કરકસર'**. કરકસર કરવાથી પરિસ્થિતીને સમુળગી ટાળી નહીં શકાય પણ થોડી ઘણી હળવી જરૂર કરી શકાશે. કરકસર કરવાના અનેક રસ્તાઓ છે. પણ સહુએ પોતપોતાની જરૂરત મૂજબ જ્યાં અપનાવી શકાય તે જગ્યાએ કરવાની રહી. તે છતાં મને જણાય છે કે નીચે જણાવેલ રસ્તે કરકસર કરવાથી ઘર ખર્ચના બજેટમાં થોડીઘણી બાંધછોડનો અવકાશ બની શકશે.

આજે વેપારીઓ, મોટા 'મોલ' લોભામણી જાહેરાતો કરી ગ્રાહકોને ખરીદી કરવા લલચાવે છે. એક ઉપર એક ફ્રી, ૫૦ ટકા સુધી ડીસ્કાઉન્ટ વગેરે વગેરે. આપણે જાણીએ છીએ કે કોઈ સ્ટોરો ગ્રાહકોનેસસ્તુ નથી આપતા કેમકે તેઓ કમાવા જ બેઠા છે. પણ આપણે તેઓની લોભામણી જાહેરાતોથી ઘણીવાર બીન જરૂરી ચીજોની ખરીદી કરી આવીએ છીએ અને પરિણામે આપણું માસિક ઘર ખર્ચનું બજેટ અપસેટ થઈ જાય છે. માટે હમેશા યાદ રાખવું જરૂરી છે કે **"જરૂરિયાત વિનાની ચીજોની ખરીદી ઉપર સંપૂર્ણ રોક લાગે"**.

બીજું, ઘરમાં કે રસોડામાં બગાડ ન થાય તે માટે સાવચેત રહેવું. બીનજરૂરી મુસાફરી ટાળવી, જ્યાં ચાલીને જઈ શકાય ત્યાં વાહનનો ઉપયોગ ન કરવો (આથી પોકેટ હળવો નહીં થાય પણ શરીર જરૂર હલકું થશે). ઘરમાં વપરાતા ઉપકરણો જેવા કે મીક્સર, ફ્રીજ, વોશિંગ મશીન, સ્કુટર, કાર વગેરેની પુરતી સંભાળ સર્વીસીંગ કરાવતા રહેવાથી ભવિષ્યમાં મોટા રીપેરીંગ ખર્ચથી બચી શકાય.

ઉપર જણાવેલ થોડાઘણા ઉપાયો તો ફક્ત માર્ગદર્શક છે, બાકી સહુએ પોતપોતાની પરિસ્થિતી મુજબ કરકસર કેમ કરવી તે શોધી અપનાવવી રહી.

**: રમેશ એમ. શાહ**

## ગાંડા બાવળને ડાહ્યો બનાવીએ

કાંટાળા ગાંડા બાવળના વૃક્ષને આપણે ગાંડા બાવળ નામ આપી ઉપેક્ષા કરીએ છીએ, પણ એનું વિશ્લેપણ કરીએ તો ખબર પડે કે નકામું લાગતું ગાંડા બાવળનું વૃક્ષ આપણા જીવનમાં ઘણું ઉપયોગી હોય છે.

ગામડાઓમાં લોકોના ચૂલામાં બાવળ જ વધારે પડતો વપરાય છે. ગાંડા બાવળની ફળીમાંથી ઉત્તમ પશુ આહાર બને છે. કચ્છના કેટલાક ગામની બહેનો ગાંડા બાવળની ફળી એકઠી કરી સારું એવું કમાવી લે છે. એમાંથી ઉત્તમ પ્રકારના કોલસા પણ બને છે.

ગાંડા બાવળના વૃક્ષમાં મૂળિયાની આસપાસ નાની-નાની ડાળીએ ઉગે છે નીકળતાં એની ઉંચાઈ વધતી નથી, જેથી એ જમીન પર પહોળાઈમાં વધે છે અને લોકોને અડચણ કરતો થઈ જાય છે, એટલે એનું નામ ગાંડા બાવળ રાખવામાં આવેલ છે અને સૌને અપ્રિય લાગે છે.

ગાંડા બાવળના છોડને શરૂઆતથી થડની સાઈડની ડાળીઓ કાપી નાખવામાં આવે (પ્રુનિંગ કરવામાં) તો એ છોડ ઉપરની સાઈડમાં વધતો જાય છે અને ભવિષ્યમાં મોટા થતાં બીજા વૃક્ષની જેમ છાંયડો આપતો થઈ જાય છે. આવા પ્રયોગો ઘણા ઠેકાણે સફળતાપૂર્વક થયા છે જે દરેક ઠેકાણે કરવા જેવો પ્રયોગ છે.

વિકસેલા ગાંડા બાવળના વૃક્ષની વચ્ચોવચ્ચ લાંબા પીવીસીના પોલાણાળો પાઈપનો એક છેડો એક સાઈડમાં ત્રાંસો કાપીને અણિયાળો બનાવવો. એ પાઈપને દૂરથી ગાંડા બાવળની વચ્ચે જમીન પર આડા, અવળા આંટા દઈ ફેરવવો જે થી જમીનમાં એક-દોઢ ઈંચ જેટલો ખાડો થઈ જશે અને ઉપરથી પાઈપમાં ત્રણ-ચાર લીંબોળી નાખી દેવી. વરસાદના દિવસોમાં એમાંથી એકાદ લીંબોળી જરૂર ઉગી નીકળશે.

આવો પ્રયોગ અમે નાના ભાડિયા ગામે સફળતાપૂર્વક કર્યા બાદ ભુજની માનવજ્યોત સંસ્થાએ ભુજની આસપાસના ગામોમાં મોટાપાયે લીંબોળી એકઠી કરી અંદાજે અઢી લાખ લીંબોળી ગાંડા બાવળની વચ્ચોવચ વાવવાનો પ્રયોગ કર્યો હતો, જેને સારી સફળતા મળી હતી.

આ પ્રયોગની સફળતા, જાણીને કચ્છના શિક્ષણ વિભાગે પણ કચ્છની શાળાઓને અપીલ કરી હતી, જેથી કચ્છની ઘણી શાળાઓએ આ પ્રયોગ કર્યો હતો.

આ વાતને બે વર્ષ થયા અને હવે આપણે ઠેકઠેકાણે ગાંડા બાવળ અને કાંટાળા વૃક્ષો વચ્ચે લીમડાના વૃક્ષને ઉગતાં જોઈ શકીએ છીએ. ક્યાંક તો એ પાંચથી પંદર ફૂટ ઉંચા પણ થઈ ગયા છે.

આ પ્રયોગમાં નથી પાણી, માવજત કે રક્ષણની જરૂરત...

**એલ.ડી. શાહ**

કચ્છ ઈકોલોજી ફાઉન્ડેશન, બિદડા (કચ્છ)

## પાલનહાર મારા પિતા

આજે જે... મારા સખા, મારા સુખ-દુઃખ ના ભાગીદાર, મારા ઈશ્વરે નીમેલા મારા જન્મ દાતા અને પાલનહાર મારા પિતા...

કોઈ પણ વ્યાખ્યાનકાર માતા વિષે બોલ્યા કરે છે, સંત મહાત્માઓ પણ માતાના મહત્વ વિશેજ વધારે કહે છે, દેવ-દેવીઓએ પણ માતાના જ ગુણગાન ગાયા છે. લેખકો-કવિઓ એ પણ માતાના ખુબ વખાણ કર્યાં છે. સારી વસ્તુ ને માતાની જ ઉપમા આપવામાં આવે છે. પણ ક્યાંય પિતા વિષે બોલાતું નથી.

કેટલાક લોકોએ પિતાની કલ્પનાને કલમની ભાષામાં મૂકી છે પણ તે ઉગ્ર, વ્યસની અને મારઝૂડ કરનારા જ હોય છે... આવા પિતાઓ સમાજમાં એકાદ-બે ટકા હશેજ પણ સારા પિતાઓ વિષે શું લખાયું છે ?

તેમનો દાઢી વધેલો ચહેરો તેમની કરકસર દેખાડે છે. દીકરા દીકરી ને નવા જીન્સ લઈ આપશે પણ, પોતે તો જુનો લેંઘોજ વાપરશે.

સંતાનો ૧૦૦/૨૦૦ રૂપિયા પાર્લર કે સલુનમાં જઈને બીલ કરશે પણ તેમનાજ ઘરના પિતા દાઢીનો સાબુ ખલાશ થઈ ગયો હશે તો ન્હાવાના સાબુથી દાઢી કરી લેશે. ઘણીવાર તો ખાલી પાણી લગાડી નેજ દાઢી કરી લેતાં હોય છે.

રોજ આપણને સગવડ કરી આપનારી માતા યાદ રહે છે. પણ જીવનની આજીવિકાની વ્યવસ્થા કરનારા પિતાને આપણે કેટલી સહજતા થી ભૂલી જઈએ છીએ ?

બધાની સામે મોકળા બને માતા રડી શકે છે પણ રાત્રે તકીયામાં મોઢું છુપાવીને ડુસકા ભરે છે તે પિતા હોય છે. માતા રડે છે પણ પિતાથી તો રડી પણ શકાતું નથી. પોતાના પિતા મૃત્યુ પામે છતાં આપણાં પિતા રડી શકતા નથી, કારણકે નાના ભાઈ બહેનોને સાચવવાના હોય છે, પોતાની માતા મૃત્યુ પામે તો પણ પિતા રડી શકતા નથી, કારણકે બહેનને આધાર આપવાનો હોય છે.

પિતા માંદા પડે ત્યારે તરતજ દવાખાને જતા નથી. તે માંદગીથી ડરતા નથી પણ જો ડોક્ટર એકાદ મહિનો આરામ કરવાનું કહી દેશે તો શું કરવું તેનો ડર લાગે છે. કારણકે દીકરીના લગ્ન અને દીકરાનું શિક્ષણ બાકી હોય છે. ઘરમાં આવકનું બીજું કોઈ પણ સાધન હોતું નથી.

પહોચ હોય કે નહોય પણ દીકરાને એન્જીનીયરીંગ કે મેડીકલમાં પ્રવેશ અપાવે છે. ખેંચ ભોગવીને પણ બાળક ને નિયમિત હોસ્ટેલમાં પૈસા મોકલે છે. પણ કેટલાક દીકરાઓ જે તારીખે પૈસા મળે તેજ તારીખે પરમીટરૂમમાં પાર્ટીઓ આપે છે અને જે પિતાએ પૈસા મોકલ્યા હોય તેનીજ મજાક ઉડાડે છે.

કોઈપણ પરીક્ષા નું પરિણામ આવે ત્યારે માતાજ સહુથી નજીકની લાગે કારણકે એ બાજુમાં લે છે, વખાણ કરે છે, આશિષ આપે છે, પણ ગુપચુપ જઈને પેંડા પડીકા લાવનારા પિતા કોઈના ધ્યાનમાં રહેતા નથી.

બાળક આવવાનું હોય તેવી સુવાવડી સ્ત્રીનું ખુબ મહત્વ હોય છે પણ હોસ્પીટલની લોબીમાં અસ્વસ્થ થઈને આમથી તેમ આંટા મારનારા એ આવનારા બાળકના પિતાની કોઈ નોંધ લેતું નથી.

દેવકી-યશોદા ના કાર્યની પ્રશંશા અવશ્ય કરીએ પણ નદીના પુરમાંથી મધરાતે માથા ઉપર બાળકને સુરક્ષિત પણે લઈ જનારા વાસુદેવને પણ મહત્વ આપીએ.

રામ એ કૌશલ્યાના પુત્ર અવશ્ય છે પણ પુત્ર વિયોગથી તરફડીને મૃત્યુ પામ્યા તે પિતા દશરથ હતા... કોઈપણ સારા પ્રસંગે ઘરની દરેક વ્યક્તિ જતી હોય છે, પણ મરણના પ્રસંગે પિતાએ જ જવું પડે છે. પિતા શ્રીમંત સાસરું ધરાવતી દીકરીને ત્યાં બહુ જશે નહિ પણ દીકરી ગરીબ ઘરમાં આપી હશે તો ભલે ઉભા ઉભા ખબર કાઢવા જવું પડે, તે ચોક્કસ દીકરીના ઘરના ચક્કર કાપશે...

દીકરા ની નોકરી માટે સાહેબ સામે લાચાર થનારા પિતા, દીકરીને પરણાવવા માટે ઠેક ઠેકાણે મુરતિયા જોવા ઉંબરા ઘસતા પિતા, ઘરના લોકો માટે પોતાની વ્યથા અને જરૂરતને કોરાણે મૂકી દેતા પિતા કેટલા ગ્રેટ હોય છે ખરું ને ?

આ બધા જ અનુભવો નઝરે અને લોકોના જીવનમાં બહુજ બારીકાઈથી જોયા છે હજુ પિતા વિષે ઘણું બધું લખી શકાય છે.

**I LOVE MY FATHER**

સંકલન : **પંકજ વલભજી સાવલા**

**DEEPAK MAVJI DHAROD** Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**

**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(જા.ખ.)

# જીવન માં રક્તદાન, મૃત્ય પછી નેત્રદાન




FOR ALL YOUR COMPUTER WORK

- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

Nitin Gala
99630 10657

**Sri Ridhi Sidhi Snacks & Khakras**


Sunita Gala
94408 75034

Specialist In : Tomato Sticks, Sezwan Sticks, All types of Sev, Ghatiya, Chewda, Bhakharwadi, All Varieties of Sada Khakras, Diet Khakra, Mobile Khakra, Special Masala, Chora Phari, Nachni Etc.

Bulk Order
Free Home
Delivery

Contact : **NITIN GALA**
# 4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church,
Tilak Road, Hyderabad - 1

(જા.ખ.)



**SAMKIT LODAYA**

Tatoo Artist

For Permanent
Tatoo Art Making

**Call : 90000 06323**

(જા.ખ.)

શ્રી ૧।

# આભાર આભાર આભાર

અમારા સુપુત્ર **ચિ. ચિરાગ**નાં લગ્ન તથા ત્યાર બાદ હૈદરાબાદ મધ્યે આયોજિત **શ્રી સિદ્ધચક્ર મહાપૂજન**ની સંપૂર્ણ તૈયારી તથા કાર્યવાહી માં તન-મન થી સહાયરૂપ થનાર સર્વે ભાઈઓ તથા બહેનોનું અમો હાર્દિક આભાર માનીએ છીએ.

પૂજન દરમ્યાન અમારી વિનંતીને માન આપી જિનેશ્વરધામ કાચીગુડા મધ્યે ચાતુર્માસાર્થે બિરાજમાન **પ.પૂ. સાધ્વીશ્રી સમયગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી શ્રુતગુણાશ્રીજી મ.સા.** ને અંતઃકરણ પૂર્વક વંદના, તથા પૂજન ના વિધીકાર **શ્રી રાજાભાઈ નંદુ** સાથે સમસ્ત મંડળીનો આભાર. પૂજનની તૈયારી માટે સંપૂર્ણ જવાબદારી ઉપાડનાર **શ્રી જિતેન્દ્ર રાયશી ગડા, શ્રી દિનેશ કલ્યાણજી ગોસર, શ્રી પ્રેમચંદ કેશવજી છેડા** નો ખૂબ ખૂબ આભાર તથા પધારેલ સર્વે આમંત્રિત મહેમાનો, મિત્રો તથા કુટુમ્બીજનોનો આભાર.

પૂજનના આગલા દિવસે અમારા પરિવાર પર આવી પડેલ અણધારી આફત દરમ્યાન સાથ સહકાર આપનાર સર્વે પરિવારજનો તથા મિત્રો, હેતુ સંતોષીઓ સર્વેનો હાર્દિક આભાર, ખાસ કરીને **ડૉ. રીટા ગાલા, પ્રતિમાબેન જયંત હેણિયા, માતુશ્રી પુરબાઈ વિશનજી હરિયા સમગ્ર પરિવાર, મણીલાલ જેવત નાગડા સમગ્ર પરિવાર, દેવચંદ ભવાનજી ગાલા પરિવાર, હર્ષદ કુંવરજી ધરોડ, દિનેશ ભવાનજી ગોસર, વિપુલ વસંતલાલ દેઢિયા, નિલેશ વસંતલાલ દેઢિયા, મહેન્દ્ર દામજી મારૂ, નિલેશ ચુનિલાલ નાગડા, નયન ભરત સાવલા, રાજગોપાલ નાવંદર, લક્ષ્મીચંદ ખીમજી છેડા** સમગ્ર પરિવાર અંતમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સહાયરૂપ થનાર સર્વે મિત્રો વડિલો તથા સાંત્વના આપનાર સર્વે મહાનુભવો નો આભાર...

**શ્રી કચ્છી મિત્ર મંડળ** ના સર્વે પદાધિકારીઓ તથા સ્ટાફ મેમ્બર્સના અને

**શ્રી અચલગચ્છ જૈન સંઘ, હૈદરાબાદ (સિટી)**, જિનેશ્વરધામ કાચીગુડાનાં સર્વે ટ્રસ્ટીઓ તથા સ્ટાફ મેમ્બર્સના.

અમો આભારી છીએ....

અંતમા સમગ્ર કાર્યક્રમ દરમ્યાન અમારા પરિવાર તરફથી કોઈ ક્ષતિ રહી ગઈ હોય અથવા,
કોઈને પણ તકલીફ પડી હોયતો હાર્દિક મિચ્છામિ દુક્કડમ.

લિ.

**માતુશ્રી લક્ષ્મીબેન પ્રેમજી નરશી છેડા પરિવાર, લાયજા મોટા હાલે હૈદરાબાદ**
**હ : શ્રીમતિ નુતનબેન કેશવજી છેડા,**

**શ્રીમતિ રમીલાબેન રતિલાલ છેડા**

**શ્રીમતિ પૂર્વિબેન ચિરાગ છેડા,**

**શ્રીમતિ પૂર્વિબેન સૂર્યકાંત દેઢિયા ના જયજિનેન્દ્ર**

(જા.ખ.)

# કચ્છી ઓસવાલ મ્યુચ્યુલી એૈડેડ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી.

૧૦૧, એસ.વી. ફોર્ચ્યુન, એડનબાગ, રામકોટ, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫
ફોન નં : ૬૪૫૫ ૬૫૬૩, ૨૪૭૫ ૨૧૮૫

**WWW.KOMACS.ORG EMAIL: INFO@KOMACS.ORG**

## સભ્યો માટે વિના મૂલ્યે કાનૂની માર્ગદર્શન

સોસાયટીના સભ્યોને કાનૂની માર્ગદર્શન આપવા માટે એડવોકેટ શ્યામ અગ્રવાલ દર મહિને એક વખત સોસાયટીની ઓફીસમાં સાંજના ૫ થી ૬ સુધી મળશે.

આ મહિને શુક્રવાર તા. ૨૪-૮-૨૦૧૨ ના રોજ તેઓ મળશે. ઈચ્છુક સભ્યોએ પોતાના નામ સાથે તેમનું પ્રશ્ન લેખિતમાં સોસાયટીની ઓફીસમાં શ્રી ખુશાલ ગાલા પાસે તા. ૧૮-૮-૨૦૧૨ સુધી નોંધાવવા વિનંતી. સભ્યોને વહેલો તે પહેલોના ધોરણે ૧૦ મિનીટનું સમય ફાળવવામા આવશે.

## શેયર ડિવીડન્ડ

વર્ષ ૨૦૧૧-૨૦૧૨ નું શેયર ડિવીડનન્ડ સભ્યોના નિરંતર ડિપોજીટ ખાતામાં જમા કરવામાં આવેલ છે. જે સભ્યો ૩૧-૮-૨૦૧૨ સુધીમાં લેખિત માંગણી કરશે તો તેમને ડિવીડન્ડની ચૂકવણી ચેક દ્વારા અથવા તો તેમના સરલ બચત ખાતામાં જમા કરવામાં આવશે.

લી.

| | | |
|---|---|---|
| **શ્રી સંજય ગાલા**<br>ચેયરમેન | **શ્રી તારાચંદ ધરોડ**<br>ડેપ્યુટી ચેયરમેન | **શ્રી ખુશાલ ગાલા**<br>મેનેજીંગ ડાયરેક્ટર |
| **શ્રી અરવિંદ છેડા**<br>ડાયરેક્ટર-વહીવટ | | **શ્રી વસંત વોરા**<br>ડાયરેક્ટર-વિત્ત |

(જા.ખ.)

*Secunderabad's Special*

# ANU FOOD PRODUCTS

**3-2- 332, S.S. Street, Down to Manju Theatre Opp. Pochamma Temple, Secunderabad - 500 003**

**WHOLESELLER OF SNACKS & NAMKEEN SPECIAL VARIETIES :**

- ✓ Soya Manchurian Sezwan Stick
- ✓ Ragi Sev
- ✓ Wheat Chudva
- ✓ Lavang Sev
- ✓ Sabudana Chudva
- ✓ Soya Sev
- ✓ Ragi Chudva
- ✓ Mahalaxmi Chudva
- ✓ Palak Sev
- ✓ Faradi Chudva

***and many more....***

(જા.ખ.)

**WHOLESELLERS, BAKERS & SALES MAN'S CAN CONTACT : 4002 4900, 99080 21300**

## Upto 20% Discount on Medicines on M.R.P.

## Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections

## ALL GENUINE MEDICINES ONLY

Goel **Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad

Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા.ખ.)

# હૈદ્રાબાદ - સાભરાઈનું ગોરવ

**માતુશ્રી કંકુબાઈ આણંદજી હીરજી ગાલા પરિવાર**

**માતુશ્રી જેતબાઈ મુરજી સૈયા (સાભરાઈ)**

દાદાણા : **માતુશ્રી દેવકાબેન મગનલાલ આણંદજી ગાલા પરિવાર**, સાભરાઈ

નાનાણા : **માતુશ્રી તેજબાઈ કુંવરજી પાલણ વિસરીયા પરિવાર**, ગઢશીશા



અમારી લાડલી

## સ્નેહા દિનેશ ગાલા

ને Many Many Hearty Congratulations

**માત્ર ૨૩ વર્ષની નાની ઉંમરમાં એણે**

**M.S. in Electrical & Computer Engg.**

**ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.**

From : **RUTGERS THE STATE UNIVERSITY OF NEW JERSEY (U.S.A.)**

| માતા : | પિતા : | ભાઈ : |
|---|---|---|
| **પ્રજ્ઞા દિનેશ ગાલા** | **દિનેશ મગનલાલ ગાલા** | **અંકિત દિનેશ ગાલા** |

**પુરુષાર્થની પાંખ અને અનુભવની આંખ વડે જીવનરૂપી ગગનમાં,**
**ચિ. સ્નેહાએ ઝળહળતી સફળતા મેળવી છે.**
**હંમેશા આવી ઉડાન ભરતી રહે, સફળતાને વર્યા કરે**
**એવા અંતરના આશિષ અને હાર્દિક શુભેચ્છાઓ....**

| | | | |
|---|---|---|---|
| કાકી | : **હર્ષા વિલાસ ગાલા** | ફુઈ | : **ડૉ. ગીતા અરૂણ ગંગાખેડકર** |
| કાકા | : **વિલાસ મગનલાલ ગાલા** | ફુઆ | : **ડૉ. અરૂણ દીનકરરાવ ગંગાખેડકર** |
| ભાઈઓ | : **ધીરેન વિલાસ ગાલા** | બહેનો | : **સંજના અરૂણ ગંગાખેડકર** |
| | **હિતેન વિલાસ ગાલા** | | **એક્તા અરૂણ ગંગાખેડકર** |

ના *Hearty Congratulations*

(જા.ખ.)



# હાર્દિક અભિનંદન

## કુ. મિત્તલ

### નવીનચંદ વિશનજી હરિયા

ગામ : શેરડી (હૈદરાબાદ)

માઁ સરસ્વતીની અસીમ કૃપાથી CA FINAL પરિક્ષામાં પાસ થયેલ છે.
જીવન સફરમાં દરેક સફળતાના શિખરો સર કરતી રહે
એવી મનોકામના સાથે હાર્દિક શુભેચ્છા....

માતુશ્રી પૂરબાઈ વિશનજી મેઘજી હરિયા પરિવાર, શેરડી
શ્રીમતિ રતનબેન ભવાનજી દેવજી ગાલા પરિવાર, ડુમરા
અરૂણા નવીનચંદ વિશનજી હરિયા (માતા-પિતા)
વાસંતી નિતિનચંદ વિશનજી હરિયા (કાકી-કાકા)
પ્રતિમા જયંતકુમાર નાનજી હેણીયા - સાભરાઇ (ફુઇ-ફુઆ)
ભાવના હરેશ દેવજી ભેદા- મેરાઉ, મુંબઈ (ફુઇ-ફુઆ)
ભાવિની હિરેન નવિનચંદ હરિયા (ભાભી-ભાઇ)
મેહલ નવીનચંદ હરિયા, બિજલ, સૌરવ નિતિનચંદ હરિયા (બહેન-ભાઇ)
નમ્રતા, જિનેશ, જયંત હેણીયા, પલક હરેશ ભેદા (બહેન-ભાઇ)

**With best Compliments from :**
- **Haria Traders, Goshamahal - Ph : 98499 15020**
- **Jinesh Enterprises, (Distributor of Nirma Ltd.) Goshamahal - Ph : 92930 05180**
- **Wholesellers & Retailers in Moksh Agarbatti Co. (Swarna Champa)**
- **Diamond Agarbatti & Co. (Vinayak)**
- **Shrinivas Sugandhalaya (Satya Dhoop)**
- **Sarathi International Inc. (Tulsi)**
- **Shivam Perfumery Works (Jaymala)**

(જા.ખ.)

## *Rhythm Events... Shake your soul*

- It's Dandiya Time, so get ready to dance on tunes of Garba & Dandiya.
- We offer professional courses for Raas Garba - Dandiya, learn different styles like Garba, Dandiya, Dodhya, Matukdi, Hare-amba, Shambulal & Many more... Classes starting from 1st September 2012.


Note : Sale of Gujrati Traditional Ghagra - Cholis, Kedia, Exclusive Jewellery, Dandiyas etc. & New Ghagras & Kedias also available on rent basis.

Also undertake Sangeet Events, Annual days Anchoring, Birthday Parties, DJ & Many More.....

**FOR DETAILS CONTACT** :

**Neha - 98858 55022 • Sanjay - 92460 49650**

(જા.ખ.)



## R.S. BANDHANI HOUSE

***કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં***


**કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.**

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

**૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા, હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.**

(જા. ખ. H-2750)

શુભ ।। અનંત ચૌવિશી જીન નમો ।। લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમ્પલેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,

કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

# મિચ્છામિ દુક્કડમ્

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ કાચીગુડા હૈદરાબાદ, કાયમી સંઘપતી પરિવાર માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા, સંકલ્પ અનુદાન પત્ર ના લકી દાતા પરિવાર માતુશ્રી વિમલાબેન મગનલાલ ભેદા, સંચાલક - હંસકુમાર રાયચંદ સાયલા, પ્રચાર સંયોજક શ્રી રિદ્ધેશ રમેશ જાગીરદાર તથા શ્રી સંઘના કાર્યકર્તાઓ તરફથી શ્રી સંઘના યાત્રીકોનું તથા આપ સર્વે શુભેચ્છાકોનું જાણતા અજાણતા મન દુખાવ્યું હોય અથવા અવિવેક થયું હોયતો મિચ્છામિ દુક્કડમ.

દર મહીનાના પ્રથમ રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો ફક્ત રૂ. ૫૦/- વ્યક્તિ દીઠ.

**"VISION 12-12-12"** ના ઉપક્રમેં આયોજિત શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થ યાત્રામાં જોડાવનાર સર્વે યાત્રિકોને અભિનંદન તથા શ્રી સંઘના આયોજન માં વિશ્વાસ પ્રગટ કરેલ તે માટે ધન્યવાદ. યાત્રાની તૈયારી ચાલી રહી છે. સર્વ યાત્રિકોની યાત્રા સુખ શાતાપૂર્વક થાય તે માટે ખાસ ધ્યાન આપવામાં આવશે. આપ સર્વેની યાત્રા સુખ શાતાપૂર્વક થાય તે માટે પ્રભુજી યથાશક્તિ નવકાર જાપની આરાધના કરવા વિનંતી.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ

હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર

(શા.ખ.)

સ્થાપના : ગાંધી જયંતિ ૧૯૭૪　　લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ !!　　ફોન : ૨૪૭૫૫૩૩૧, ૬૬૭૩૫૩૩૧



# ગાંધી જ્ઞાન મંદિર યોગ કેન્દ્ર

(સર્વોદય વિચાર પ્રચાર ટ્રસ્ટ સંચાલિત)

યોગ સ્ટ્રીટ, કોઠી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫

Visit us : www.yogasimplified.com Ph : Dr. Praveen Kapadia - 6673 5331, 6461 5331.
Ravindra - 6673 2484, 2476 5331, Anshul - 92465 75331, Vaishali - 94412 55331.

- યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાન સાધનાનું **વિશ્વ વિખ્યાત યોગ કેન્દ્ર** ................
- અત્યાર સુધી **૩,૫૦,૦૦૦ થી વધુ** વ્યક્તિઓએ લાભ લીધેલ છે.....
- છેલ્લા ૩૭ વર્ષથી એક પણ દિવસની રજા વગર નિયમિત યોગ શિક્ષણ આપવાનું **વિશ્વ વિક્રમ** ધરાવતું કેંન્દ્ર
- પ્રતિદિન મુખ્ય કેન્દ્રમાં **૫૦૦ થી વધુ** સાધકો યોગ સાધના માટે આવે છે.....
- અન્ય શાખા કેન્દ્રોમાં રોજ **૧૦,૦૦૦ થી વધુ** લોકો નિયમિત યોગાભ્યાસ કરીને જીવન સુખમય બનાવે છે.
- ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, અસ્થમા, સ્પોન્ડીલાઈટીસ, ગરદન, કમર તથા સાંધાનાં દુઃખાવા, મેદવૃધ્ધિ, ગેસ્ટ્રીક ટ્રબલ, કબ્જીયાત, ટેન્શન, નિરાશા જેવી શરીર-મનની અનેકવિધ બીમારીઓ-તકલીફોની **સુપર સ્પેશિયાલિસ્ટ ગેરન્ટેડ ટ્રીટમેન્ટ** કેન્દ્રની મુખ્ય વિશેષતા છે. એટલેજ શહેરના દરેક મોટા ડોક્ટરો, હોસ્પીટલો પોતાના પેશેંટોને અહીં રોજ મોકલે છે....
- સવારના ૪.૦૦ વાગ્યાથી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી **સૌને અનુકુળ** એવા સમયે એક પછી એક **૧૨ સેશન્સ** ચાલે છે..
- **બ્હેનો માટે** અલગ ક્લાસ પણ હોય છે.....
- કચ્છી ભાઈ-બહેનો માટે **૭ દિવસ નિઃશુલ્ક યોગ શિક્ષણ** આપવામાં આવશે...
- મુખ્ય કેન્દ્રમાં આવી ન શકે એવા માટે **ઘરે પણ** યોગ શિક્ષણની વ્યવસ્થા છે.....
- **પ્રાકૃતિક ચિકિત્સા**-એનિમા, મસાજ, સ્ટીમબાથ વગેરેની કુશળ માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા છે.....
- અંકુરિત અન્નનો **પ્રાકૃતિક નાસ્તો** (રૂા. ૧૦) રોજ સવારના ૭.૦૦ થી ૮.૦૦ સુધી મળે છે.

## યોગના નવા ક્લાસ દર સોમવારથી શરૂ થાય છે.

**અદભૂત – અકસીર–અનુભવ સિધ્ધ સરકાર માન્ય દેશ વિદેશમાં લોકપ્રિય આયુર્વેદિક ઔષધિઓ**

**આરોગ્યામૃતમ્**
ડાયાબિટીઝ, બ્લડ પ્રેશર, અસ્થમા, દરેક જાતના તાવ, કમળો, દુઃખાવો, પેટ–લીવર–કિડનીના રોગ, બહુમુત્ર, બળતરા, સોજા વિ.ના નિવારણ હેતુ.....

**સૌદર્યામૃતમ્**
મેદ વૃધ્ધિ દૂર કરીને શરીરને સપ્રમાણ–સુંદર બનાવવા માટે...

**ઉદરામૃતમ્**
ગેસ, એસીડીટી, અપચો, અરૂચિ, કબજીઆત દૂર કરવા માટે...

**દંતામૃતમ્**
દાંતોના દુઃખાવા, લોહી પડવા, પાયોરીઆ વિ.થી પૂર્ણ મુક્તિ માટે..

**કેશામૃતમ્**
સુંદર–લાંબા, દઢ–કાળા વાળો માટે તથા ખોડા–સફેદ વાળ વિ.થી સંપૂર્ણ મુક્તિ માટે...

**અમૃત તેલમ્**
શરીર વેદના, સાંધાના દર્દ, સંધિવાત, આમ વાત, સર્વાંગ વાત દૂર કરવા માટેનું માલીશ તેલ..

**ચ્યવન પ્રાશાવલેહ**
શરીર–મનની શક્તિ, ચહેરાની રોનક, કાંતિ, ધાતુ શક્તિ વધારવા માટે.....

**મનસામૃતમ્**
મનની શાંતિ, યાદ શક્તિ, એકાગ્રતા વધારવા તથા અનિદ્રા, માનસિક તાણ, ભય દૂર કરવા માટે..

**શ્વાસનામૃતમ્**
ખાંસી, શરદી, એલર્જી, દમ દૂર કરવા માટે...

નિર્માતા : **બેટર હેલ્થ પ્રોડક્ટસ્**

(Mg. Dir. **ડૉ. પ્રવીણ કાપડિયા** (કચ્છ – પત્રીવાલા) ફોન.૨૪૭૫૫૩૩૧, ૯૨૪૬૫ ૭૫૩૩૧)

યોગ–આનંદ, પ્રેમબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫, ફોન (૦૪૦) – ૨૪૭૫૨૮૪૮, ૯૨૪૬૧૮૨૪૮૪

મંડળનો મેડીકલ કાર્ડ લઈને આવતાં ઉપરોક્ત બધી દવાઓ ઉપર ૧૦ ટકા ડીસ્કાઉંટ આપવામાં આવશે.
સ્થળ : ગાંધી જ્ઞાન મંદિર સમય : સવારના ૭.૦૦ થી ૧૨.૦૦, સાંજના ૫.૦૦ થી ૭.૦૦
દર મહિનાના ત્રીજા સોમવાર થી યોગા અને મેડિટેશન કોર્સ શરૂ થશે. (જા.ખ. F-1160)